આંક :-

-:: નમૂનો - અ ::-

સત્યમેવ જયતે

## જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ, મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૦૮/૦૫/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૫૩૮૭/૨૦૨૫.

ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ) તથા મોટર વાહન અધિનિયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૨૪૨૫૦૫૪૨/૨૦૨૫. |
| પોલીસ સ્ટેશન | જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર :<br>(મુળ ફરિયાદી : રશ્મીનભાઇ રણછોડભાઇ વણપરીયા) |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા. |
| આરોપી પક્ષ | વિજયભાઇ રવજીભાઇ કાછડીયા,<br>ઉ.વ.આ. ૪૭, ધંધો-નોકરી,<br>રહેવાસી : જૂનાગઢ, ઝાંઝરડા ચોકડી,<br>શ્રી રેસીડન્સી, |
| આરોપી તરફે | વિ.વકીલશ્રી જે. આર. જોષી. |

-:: નમૂનો - બ ::-

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૯/૦૭/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૭/૦૫/૨૦૨૬ |
| ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

-:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ દોષિત | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિજયભાઇ રવજીભાઇ કાછડીયા | -- | -- | બી.એન.એસ. કલમ-૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ કલમ-૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુકયા | -- | -- |

-:: નમૂનો - ક ::-

: સાહેદોનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૭ | રશ્મીનભાઇ રણછોડભાઇ વણપરીયા | ફરિયાદી |
| ૨ | ૯ | પ્રદિપભાઇ ત્રિભોવનભાઇ ઉમરાડીયા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૧૦ | રોહિત ગીરધરભાઇ સરવૈયા | સાહેદ |

## : દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

### અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૮ | અસલ ફરિયાદ. |
| ૨ | ૧૧ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| ૩ | ૧૨ | ફરિયાદીની ઇજા અંગેનું મેડીકલ સર્ટીફીકેટ. |
| ૪ | ૧૩ | સાહેદની ઇજા અંગેનું મેડીકલ સર્ટીફીકેટ. |
| ૫ | ૧૪ | સાહેદની ઇજા અંગેનું મેડીકલ સર્ટીફીકેટ. |
| ૬ | ૧૫ | કે.જે. હોસ્પીટલનો પત્ર. |
| ૭ | ૧૬ | કે.જે. હોસ્પીટલનો પત્ર. |
| ૮ | ૧૭ | સી.સી.ટી.વી. ફુટેજ મળવા લખેલ પત્ર. |
| ૯ | ૧૮ | ફોર્મ-એ. |
| ૧૦ | ૧૯ | સાહેદના વાહનના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ. |
| ૧૧ | ૨૦ | વિમા પોલીસીની ઝેરોક્ષ નકલ. |
| ૧૨ | ૨૧ | અકસ્માતમાં સંડોવાયેલ વાહનની વિમા પોલીસીની ઝેરોક્ષ નકલ. |
| ૧૩ | ૨૨ | વિમાની રકમ ભર્યાની પહોંચની ઝેરોક્ષ નકલ. |
| ૧૪ | ૨૩ | અકસ્માતમાં સંડોવાયેલ વાહનના રજી. સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ. |
| ૧૫ | ૨૪ | મોટર વાહન માટેની લોગબુકની ઝેરોક્ષ નકલ. |
| ૧૬ | ૨૫ | ફોર્મ-એ. |

### બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

## : દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

 બ. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

ક. ભૌતિક પદાર્થ :

| ક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

## -:: ચૂ કા દો ::-

ફરિયાદ પક્ષનો કેસ :-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૦૭/૨૦૨૫ ના કલાક ૨૩:૩૦ વાગ્યે જૂનાગઢ ઝાંઝરડા રોડ ઉપર એચ.ડી.એફ.સી. બેંક પાસે મહાનગરપાલિકાની બોલેરો કાર રજી.નં.જે.જે.-૧૧-જી.એ.-૦૨૧૪ સાયરનનું લાઉડ સ્પીર તથા ફાયર બ્રિગેડની લાઇટ લગાડેલ કેફી પીણું પીધેલ હાલતમાં પુરઝડપે અને ગફલતભરી રીતે રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આ કામના ફરિયાદી તથા સાહેદો સાથે ભટકાવી ત્રણેયને નાની મોટી ઇજાઓ કરી બેફામભર્યુ કૃત્ય કરી ગુનો કરેલ છે.

(૨) સદરહુ ગુનાની ફરિયાદ ફરિયાદીએ જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશન સમક્ષ જાહેર કરતા, જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(અ) તથા મોટર વાહન અધિનિયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૩) આ કામના આરોપીને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ આરોપીની આંક-૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા, આરોપી સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-</u>

(૪) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના 'ક' (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને આંક-૨૬ થી મુળ ફરિયાદીએ વિશેષ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૫) <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-</u>

આ કામે પુરાવાના અંતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

<u>દલીલો :-</u>

(૬) સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા અને આરોપી તરફે વિ.વકીલશ્રી જે. આર. જોષીની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થાય છે.

-:: મુદાઓ ::-

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૦૭/૨૦૨૫ ના કલાક ૨૩:૩૦ વાગ્યે જૂનાગઢ ઝાંઝરડા રોડ ઉપર એચ.ડી.એફ.સી. બેંક પાસે મહાનગરપાલિકાની બોલેરો કાર રજી.નં.જે.જે.-૧૧-જી.એ.-૦૨૧૪ સાયરનનું લાઉડ સ્પીર તથા ફાયર બ્રિગેડની લાઇટ લગાડેલ કેફી પીણું પીધેલ હાલતમાં પુરઝડપે અને ગફલતભરી રીતે રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આ કામના ફરિયાદી તથા સાહેદો સાથે ભટકાવી ત્રણેયને નાની મોટી ઇજાઓ કરી બેફામભર્યુ કૃત્ય કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ) તથા મોટર વાહન અધિનિયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

મુદા નં.(૧) :-

(૯) ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી રશ્મીનભાઇ રણછોડભાઇ વણપરીયાને આંક-૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રે અગીયાર વાગ્યા આસપાસ તેઓ તેમની ફોરવ્હીલ ક્રેટા ગાડી લઇને નીકળેલ અને ઝાંઝરડા રોડ એચ.ડી.એફ.સી. બેંક પાસે તેઓની ગાડી બંધ પડી ગયેલ જેથી તેઓએ તેમના મિત્ર પ્રદિપભાઇ

ઉમરાડીયાને ફોન કરીને તેમની ગાડી ટોઇંગ કરવા માટે બોલાવેલા જેથી પ્રદિપભાઇ તથા તેની સાથે રોહિત સરવૈયા ઝાંઝરડા રોડ ઉપર ક્રેઇન લઇને આવેલા અને તેઓની ગાડી ટોંઇટ કરવાનું કામ કરતા હતા તે દરમિયાન સામેથી રોંગ સાઇડમાં એક બોલેરો ચાલક આવતા હોય તેઓએ તેમને રોકેલા પરંતુ તે રોકાયેલ નહીં અને તેઓએ પાછળથી તેઓને તેમની ગાડી ટોઇંગ થયા પછી કાઢવાનું કહેતા તેઓ તેમની સાથે બોલાચાલી કરવા લાગેલા અને બોલાચાલી દરમિયાન ઘણા બધા રાહદારીઓ ભેગા થઇ જતા ધકકા મુકકીમાં પડી જવાથી તેમને, રોહિત અને પ્રદિપભાઇને શરીરે ઇજાઓ થયેલ. તે દરમિયાન પોલીસની ગાડી ચેકીંગમાં આવેલ હોય તેઓને ૧૦૮ મારફતે કે. જે. હોસ્પીટલમાં અને ત્યાંથી સરકારી હોસ્પીટલમાં લઇ ગયેલ જયાં બનાવની ફરિયાદ આપેલી. અસલ ફરિયાદ આંક-૮ થી રજૂ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર ફરિયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતનો ઇન્કાર કરેલ છે. જયારે બચાવ પક્ષ તરફે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે માત્ર સામાન્ય બોલાચાલી થયેલી અને પોલીસે તેઓને તૈયાર ફરિયાદમાં સહી કરવાનું કહેતા તેઓએ માત્ર સહી કરી આપેલી તે સિવાય બીજું શું લખેલ હતું તેની તેઓને જાત માહિતી નથી કે પોલીસે ફરિયાદ વાંચી સંભળાવેલ નહીં. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ દવાખાને ડોકટરને કોઇ હીસ્ટ્રી લખાવેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષે આંક-૯ થી સાહેદ પ્રદિપભાઇ ત્રિભોવનભાઇ ઉમરાડીયા અને આંક-૧૦ થી સાહેદ રોહિત ગીરધરભાઇ સરવૈયાને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદોની જુબાની ધ્યાને લેતા ફરિયાદીએ જણાવ્યા મુજબની જ હકીકતો જણાવેલ હોય પુરાવાનું પુનરાવર્તન કરવાનું ઉચિત જણાતું નથી. આમ, ફરિયાદી અને સાહેદોના પુરાવાથી બોલેરો ચાલક રોંગ સાઇડમાં આવેલ અને તેઓની સાથે બોલાચાલી કરવા લાગેલ અને ધકકા મુકકીમાં પડી જવાથી ઇજા થતા સારવાર લીધેલ હોવાની હકીકત ફલિત થાય છે, પરંતુ સદરહુ ઇજા આ કામના આરોપીના પુરઝડપે વાહન ચલાવવાના કારણસર

અને આરોપીની બેદરકારીના કારણસર થયેલ હોવાની હકીકત ફલિત થતી નથી ઉલ્ટાનું ધકકા મુકકીમાં પડી જવાથી ઇજા થયાનું જણાવે છે. જેથી ફરિયાદી અને સાહેદોના પુરાવાથી વિરોધાભાસી હકીકતો ફલિત થતી હોય સદર પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૦) વધુમાં ફરિયાદ પક્ષે બચાવ પક્ષની સંમતિથી આંક-૧૧ થી સ્થાનિક જગ્યાનું પંચનામું, આંક-૧૨, ૧૩ અને ૧૪ થી ફરિયાદી અને સાહેદને થયેલ ઇજા અંગેના મેડીકલ સર્ટીફીકેટ, આંક-૧૫ અને ૧૬ થી હોસ્પીટલનો પત્ર, આંક-૧૭ થી સી.સી.ટી.વી. ફુટેજ મળવા લખેલ પત્ર, આંક-૧૮ અને ૨૫ થી ફોર્મ-એ, આંક-૧૯ થી ૨૪ વાહનના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અને વિમા પોલીસીની નકલ રજૂ થયેલ છે. જેની હકીકતો જોવામાં આવે તો ફરિયાદી અને સાહેદને ઇજા થયાનું અને સ્થાનિક જગ્યાનું પંચનામું થયેલાનું અને અકસ્માત વાળું વાહન જૂનાગઢના મ્યુનિસિપલ કમિશ્નરના નામે નોંધાયેલ હોવાનું અને બનાવના દિવસે સદરહુ વાહનના ડ્રાઇવર તરીકે આરોપી હોવાનું જણાય આવે છે, પરંતુ ફરિયાદ પક્ષના રેકર્ડ પરના મૌખિક પુરાવાથી આરોપીએ ગુનામાં ભાગ ભજવેલાની હકીકત રેકર્ડ પર આવતી ન હોય અને ઉપરોકત દસ્તાવેજો પુરવાર કરવા માટે સાહેદોને આ કામે તપાસવામાં આવેલ ન હોય તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના બીપીન શાંતિલાલ પંચાલના કેસમાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ માત્ર આંકે પડી જવાથી કોઇપણ દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહીં, જે તે દસ્તાવેજો પુરવાર થયેથી જ પુરાવામાં ગ્રાહય રાખી, પુરાવો રજુ કરનારને કેસમાં મદદરૂપ થઇ શકે તેમ છે. જેથી અત્રેના કેસમાં રજુ થયેલ દસ્તાવેજોમાં જણાવેલ કોઇ હકીકત એડમીટ કરતા હોય કે કબૂલ મંજુર કરતા હોય, તે અંગેની કોઇ હકીકત જણાવેલ નથી કે તે મુજબનો શેરો કરેલ નથી. જેથી દસ્તાવેજો માત્ર આંકે પડેલ હોય અને તેના સમર્થનમાં ફરિયાદ પક્ષ તરફે કોઇ સમર્થનકારી પુરાવો રજુ થયેલ ન હોય, સદર દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય રાખી શકાય તેમ ન હોય જેથી ફરિયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી. તેમજ

આરોપી તરફે સંમતિથી આંકે પડેલ દસ્તાવેજી પુરાવાથી પણ આરોપી ગુનામાં ભાગ ભજવેલાની હકીકત શંકારહિત પુરવાર થતી નથી.

(૧૧) આ કામે બનાવ વખતે સંડોવાયેલ બોલેરો હાલના આરોપી જ હંકારતા હતા અને આરોપીએ પુરઝડપે અને ગફલતભરી રીતે સદરહુ વાહન હંકારવાના કારણે જ આ બનાવ બનવા પામેલો છે કે કેમ ? તે રજુ પુરાવા આધારે આ અદાલતે નિર્ણિત કરવાનું રહે છે. અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, વાહન હંકારવું કોઇ ગુનો નથી, પરંતુ બેફામ અથવા બેદરકારીપૂર્વક વાહન હંકારવું ગુનો છે. બેફામ તથા બેદરકારીના સંદર્ભે લો લેકસીકનમાં તથા નામદાર સુપ્રીમ કોર્ટે રવિ કપુર વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, એ.આઇ.આર. ૨૦૧૨ સુપ્રીમ કોર્ટ, ૨૯૮૬ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા બેફામપણે અથવા બેદરકારીપૂર્વક બંને શબ્દોમાં મળતાપણું છે, છતાં એક તાત્વિક ભેદ પણ બંને શબ્દોમાં છે. એક સામાનય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે તે રીતે વર્તવાનું તેવી વ્યકિત ચૂકી જાય તે કૃત્ય બેદરકારીપૂર્ણ ગણાય, જયારે એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તેથી વિશેષ તે વર્તે ત્યારે તે બેફામપણે વર્તે છે તેમ કહી શકાય. એક વાહન ચાલકનું વાહન યોગ્ય યાંત્રીક સ્થિતિમાં હોય, તે ટ્રાફીકના નિયમોનું પાલન કરે તેવી અપેક્ષા રખવામાં આવે છે. એ મુજબ વ્યકિત ન વર્તે તે બેદરકારી ગણાય. શહેરમાં જાહેર માર્ગ પર વ્યકિત વાહન ચલાવે તે અપેક્ષા મુજબનું છે, પરંતુ અચાનક બ્રેક મારે, અચાનક વળાંક લે, અણધારી રીતે ઝડપ વધારી દે, તે બેફામપણે કરેલું વર્તન ગણાય.

(૧૨) આ કામે સૌપ્રથમ ફરિયાદ પક્ષે એ સાબિત કરવું જોઇએ કે, બનાવના દિવસે, સ્થળે અને સમયે આ કામના આરોપી સંડોવાયેલ વાહન ચલાવતા હતા અને આરોપીના ગફલતભર્યા અથવા તો બેદરકારીપૂર્વક વાહન હંકારવાના કારણસર સદર અકસ્માત થવા પામેલ છે. ફરિયાદ પક્ષ તરફે આ કામે રેકર્ડ ઉપર રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરિયાદીએ પોતાના સોગંદ પરના પુરાવામાં બોલેરો ચાલક રોંગ

સાઇડમાં આવેલ અને બોલાચાલી કરવા લાગેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ સદર અકસ્માત હાલના આરોપીની બેદરકારીના કારણે થયેલ હોય અને તેના પરિણામે ઇજા થયેલ હોય અને તેની સારવાર લીધેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી તેમજ વાહન નંબર તેમજ વાહન ચાલક વિશે કોઇ હકીકત પોતાના સોગંદ પરના પુરાવામાં જણાવેલ ન હોય જેથી ફરિયાદીના પુરાવા આધારે આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં. તેમજ આરોપી તરફે સંમતિથી આંકે પડેલ દસ્તાવેજોથી પણ આરોપીની ગુનાહિત જવાબદારી ઠરાવી શકાય નહીં. વધુમાં આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઇ મહત્વનો સ્વતંત્ર સાક્ષી પુરાવો રજુ થયેલ નથી. જેથી સદર કામનું રેકર્ડ વંચાણે લેતા આરોપીએ પોતાના કબજા ભોગવટાની ફોરવ્હીલ પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરિયાદીના મોટર સાયકલ સાથે અથડાવી અકસ્માત કરી ઇજાઓ પહોંચાડી ગુનો કરેલાનું ફલિત થતું નથી. તેમજ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ) તથા મોટર વાહન અધિનિયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૮૫ ના આવશ્યક તત્વો ફલિત થતા ન હોય તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઇ મુજબ આરોપી વિરૂધ્ધ વ્યાજબી શંકાથી પર કેસ પુરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે, પરંતુ સદર કેસમાં ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. જેથી મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી વિજયભાઇ રવજીભાઇ કાછડીયા, રહેવાસી : જૂનાગઢ વાળાને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ) તથા મોટર વાહન અધિનિયમની કલમ-૧૭૭, ૧૮૪, ૧૮૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

આ હુકમ આજ તારીખ આઠમી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૦૮/૦૫/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)